# મોંઘવારીને નાથવા કેન્દ્રિય સમિતિમાં મોદીનો સમાવેશ

## કાળઝાળ ભાવ વધારાને ડામવા માટે મુખ્યપ્રધાને રજુ કરેલા વિવિધ પાસાઓની ઉંડી વિચારણા સમિતિ કરશે

ગાંધીનગર, સોમવાર

ભારત સરકારે મોંઘવારીને કાબુમાં લેવા માટે કેન્દ્રિય મંત્રીઓ અને રાજ્યોના મુખ્યમંત્રીઓની જે ઉચ્ચ સ્તરીય સમિતિ કાર્યરત કરી છે તેમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

આવશ્યક ચીજવસ્તુઓના ભાવો અંગે આજે આખો દિવસ યોજાયેલી મુખ્યમંત્રીઓની પરિષદમાં થયેલી ચર્ચાઓની ફળશ્રુતિરૂપે કેન્દ્રીય નાણાંપ્રધાન પ્રણવ મુખર્જીએ મોંઘવારી અંગે મુખ્યમંત્રીઓએ કરેલી વિવિધ રજૂઆતો સંદર્ભે કેન્દ્ર અને રાજ્યોની એક સંયુક્ત ઉચ્ચ સ્તરીય સમિતિ કાર્યરત બનાવવા જાહેરાત કરી હતી. જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, બિહાર અને હરિયાણાના મુખ્યમંત્રીઓ ઉપરાંત કેન્દ્રિય નાણામંત્રી, કૃષિમંત્રી, ભારત સરકારના આયોજન પંચના ઉપાધ્યક્ષ તેમજ વડાપ્રધાનના આર્થિક બાબતોના સલાહકાર ડી.રંગરાજનનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતે ગૌરવ લેવા જેવી બાબત એ છે કે આ સમિતિને જવાબદારીઓ સોંપવામાં આવી છે તેના મુખ્યત્વે તમામ વિષયો નરેન્દ્રભાઇ મોદીએ આજની બેઠકમાં પ્રભાવક રીતે રજૂ કર્યા હતા અને તેના મહત્વની નોંધ લઇને ભારત સરકારે આ ઉચ્ચ સમિતિની રચના કરી છે. આ સમિતિ (૧) આવશ્યક ચીજવસ્તુ ધારાની જોગવાઇઓ વધુ અસરકારક બને (૨) કૃષિક્ષેત્રે ખેત ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવાની વ્યૂહ રચના (૩) જથ્થાબંધ ભાવો અને છૂટક ભાવો વચ્ચે જે અંતર રહે છે તેમાં ઘટાડો કરવાના ઉપાયો (૪) કૃષિવિષયક ખેતપેદાશોના સંગ્રહની સુવિધા અંગે યોગ્ય પ્રબંધ કરવો (૫) ખેડૂતોને કૃષિ સંલગ્ન સંશાધનો જેવાં કે બિયારણ, ખાતર અને અન્ય સાધન-સામગ્રી વાજબી ભાવે સરળતાથી ઉપલબ્ધ બને અને (૬) જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા ટેક્નોલોજીનો વિનિયોગ કરીને નવા આયામો સાથેની વિચારણા જેવા ગુજરાતના મુખ્યમંત્રીએ સૂચવેલા બધા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# ખાંડ નહીં ખાવાથી કોઇ મરી નહીં જાય : એનસીપી

## એનસીપીના પ્રકાશનમાં ચોંકાવનારો ઘટસ્ફોટ કરાયો

મુંબઇ, સોમવાર

ખાંડ અને બીજી આવશ્યક ચીજવસ્તુઓના ભાવ વધારા બદલ નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના વડા શરદ પવારનો વિરોધ થઇ રહ્યો છે તેવાં સમયે પક્ષના મુખપત્ર "રાષ્ટ્રવાદી" કહે છે કે ખાંડ નહીં ખાવાથી કોઇ મરી જવાનું નથી અને બધાંય ખાંડ ખાય તેમ જરૂરી નથી.

સામયિકના છેલ્લાં અંકનાં સંપાદકીય લેખમાં એનસીપીનાં રાજ્ય પ્રમુખ મધુકર પિચાડ કે જેઓ તેનાં મેનેજિંગ એડિટર છે. તેમણે લખ્યું છે કે ખાંડ અને મીઠાનો આહાર લગભગ ઝેર ખાવા બરાબર હોવાનું ડોક્ટર્સ કહે છે.

"ખાંડ નહીં ખાવાથી કોઇ મરતું નથી. બીજી બાજુ ખાંડથી બનેલી વાનગીઓ આરોગવાથી ડાયાબિટીસ વધે છે. આથી, બધાયે ખાંડ ખાવી જ જોઇએ તેમ જરૂરી નથી" તેમ તંત્રી લેખ કહે છે. ભૂતપૂર્વ પત્રકાર ડૉ. સુધીર ભોંગળે આ સામયિકનું સંપાદન કરે છે. લેખ કહે છે કે, ખાંડ અને ખાદ્ય પદાર્થો પાછળ ૧૦થી ૧૨ ટકા જેટલો તુલનાત્મક ઓછો ખર્ચ થાય છે. કોસ્મેટિક્સ, વ્હીકલ, ફ્યુઅલ, એનટરટેઇનમેન્ટ, હોબીઝ અને લક્ઝરી પાછળ વધારે ખર્ચ થાય છે પણ આવી ચીજોનાં ભાવ વધે ત્યારે તો કોઇ હરફ સુદ્ધાં ઉચ્ચારતાં નથી. ડાયાબિટીસ હોય તેવાં લોકો ખાંડ ખાતા નથી તેમ છતાં તેઓ જીવે છે તેમ કહીને સંપાદકીયમાં લોકોને સ્થિતિને ધ્યાનમાં રાખીને તેમની આદતાં કેળવવાની શીખ આપી છે.

# ભાજપની રાષ્ટ્રીય પરિષદમાં ભાવ વધારાનો મુદ્દો ચમકશે

## ઈન્દોરમાં ૧૭મીથી ત્રણ દિવસની પરિષદઃ ગડકરી હવે અંત્યોદય ઉપર મુખ્ય ધ્યાન આપશે : આંતરિક સુરક્ષા, રાજકીય પરિસ્થિતિ અંગે ઠરાવ પણ પસાર કરાશે

નવી દિલ્હી, સોમવાર

ઈન્દોરમાં ભાજપની આગામી રાષ્ટ્રીય પરિષદની બેઠકમાં પક્ષપ્રમુખ નીતિન ગડકરી અંત્યોદય મુદ્દા ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરશે. પક્ષના પ્રમુખ તરીકે હવાલો સંભાળી લીધા બાદ બાવન વર્ષીય નીતિન ગડકરી પક્ષના વિચારક દિનદયાલ ઉપાધ્યાય દ્વારા તૈયાર કરવામાં આવેલા મુખ્ય વિચાર અંત્યોદય ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની હિલચાલ હાથ ધરવામાં આવી છે. કોંગ્રેસ પક્ષને ભાવ વધારાના મુદ્દે મુશ્કેલીમાં મુકવા ભાજપ દ્વારા તૈયારી કરવામાં આવી રહી છે. રાજકીય પરિસ્થિતિ અંગે એક ઠરાવ પસાર કરવામાં આવશે. જેમાં ભાવ વધારાને અંકુશમાં લેવા રૂપરેખા તૈયાર કરાશે.

મુંબઈના મામલે શિવસેના સાથે પક્ષના નેતૃત્વમાં એનડીએની તિરાડ ઉભી થઇ ગઇ છે ત્યારે દેશમાં કોંગ્રેસ સામે લડવા અસરકારક નીતિ જરૂરી હોવાની પક્ષના વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે. રાષ્ટ્રીય પરિષદમાં ભાવ વધારા, આંતરિક સુરક્ષા અને એકંદરે રાજકીય પરિસ્થિતિ અંગે ઠરાવ પસાર કરવામાં આવશે. ભાવ વધારા અંગે એક ઠરાવ આવશે જ્યારે આંતરિક સુરક્ષા અંગે અન્ય એક ઠરાવ પસાર કરાશે. દેશમાં વર્તમાન રાજકીય બાબતો અંગે એક સર્વગ્રાહી રાજકીય ઠરાવ પણ પસાર કરાશે.

ગડકરીના રાજકીય સલાહકારે જણાવ્યું છે કે લોકસભા અને રાજ્યસભામાં ક્રમશઃ વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજ અને અરૂણ જેટલી બન્યા બાદ પક્ષની પ્રથમ રાષ્ટ્રીય પરિષદની મિટિંગ હશે. ગડકરી પહેલાથી જ સંકેત આપી ચૂક્યા છે કે તેઓ સંસ્થાને વધુ મજબૂત કરવાની યોજના ધરાવે છે.

રાષ્ટ્રીય પરિષદ દરમિયાન ગડકરી પક્ષ માટે એક રૂપરેખા પણ તૈયાર કરશે. બિહાર વિધાનસભાની ચૂંટણીનો મુદ્દો પણ છવાશે. આ પરિષદ ૧૭મી ફેબ્રુઆરીથી ૧૯મી ફેબ્રુઆરી દરમિયાન ચાલશે.

## રાષ્ટ્રીય પરિષદમાં કયા કયા મુદ્દા છવાશે

નવી દિલ્હી, સોમવાર

- આંતરિક સુરક્ષા પરિસ્થિતિ
- ભાવ વધારા
- વર્તમાન રાજકીય સ્થિતિ
- બિહાર વિધાનસભાની ચૂંટણી
- પક્ષને મજબૂત કરવાની વ્યૂહરચના